**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. બીજા એડી. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**

મુ. મીરઝાપુર, અમદાવાદ.

**ક્રિ.કે.નં. ૨૫૩૬૦/૨૦૨૧**

**આંક–**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરુઘ્ધ

**આરોપી :** મોહંમદ ફૈજલ મહેબુબભાઈ શેખ

**ગુનો:–** **ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટ કલમ–૧૩૧**

<u>ચુ કા દો</u>

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો.ક.૧૮૮ તથા જી.પી. એકટ કલમ–૧૩૧ ના શિક્ષાનેપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ ના નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપીએ ગુન્હો કબુલ હોવાનું કબુલાત પુરસીસમાં જણાવી તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુકત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીએ આંક.૧ ઉપર ગુનાની કબુલાત નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટ કલમ–૧૩૧ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦/– અંકે રૂપીયા સો નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧, માહે: ડીસેમ્બર , સને ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તા.૧૧/૧૨/૨૦૨૧
સ્થળ: અમદાવાદ

(ટી.એ.ભાડજા)
બીજા એડી.જ્યુ.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
યુ.આઈ.સી.કોડ નં. જીજે૦૧૩૯૯